<u>આંકઃ– ૧ (ચાર્જશીટ)લગત હુકમ</u>

**(૧).** આ કામના આરોપી સામે ધી પ્રોહી.એકટ કલમ ૮૫ (૧) મુજબના ગુનાનું ચાર્જશીટ રજુ થયેલ છે. આ કામે આરોપીને સમન્સની બજવણી થતાં, અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. ત્યારબાદ આરોપીએ કબુલાત પુરસીસ આપીને પોતાને ઓછામાં ઓછી સજાને દંડ કરવા માટે પુરતા અને વ્યાજબી કારણ હોવાનું જણાવે છે અને ત્યારબાદ ધી પ્રોહી.એકટ કલમ ૮૫ (૧) ના ગુના માટે આરોપીની પ્લી/નિવેદન લેતાં, આરોપીએ સ્વૈચ્છિક રીતે અને રાજીખુશીથી ગુનાની કબુલાત કરેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જાણવા છતાં અને સમજાવવા છતાં પણ આરોપી પોતે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોય, કબુલાત પુરસીસ દાખલ કરવામાં આવ્યું.

**(૨).** આરોપી સામે ધી પ્રોહી.એકટ કલમ ૮૫ (૧) મુજબના સામાન્ય / નજીવા ગુનાનું તહોમત છે, તેમજ આરોપીની કબુલાત પુરસીસમાં જણાવેલ કારણો ઘ્યાને લેતાં, આરોપી ગરીબ અને મજુર વર્ગનો માણસ છે, તેમજ કુટુંબમાં એકમાત્ર કમાનાર સભ્ય છે / બાલબચ્ચાવાળો માણસ છે. તેમજ ગુનો કર્યાનો અફસોસ વ્યકત કરે છે અને ભવિષ્યમાં બીજો ગુનો નહિ કરવાની ખાતરી આપે છે તે સંજોગોમાં તેમને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા ન્યાયી અને ઉચિત માનું છુ.

**(૩).** નામદાર ગુજરાત હાઈકોર્ટે ૨૦૦૫(૨) જી.એલ.આર.પાના નં.૭૦૯ સ્ટેટ ઓફ ગુજરાત વિ.નટવર હરીશચંદ્ર ઠાકોરના કેસમાં ડિવિઝન બેન્ચે એવા સિઘ્ધાંતો પ્રસ્થાપિત કરેલ છે કે, જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ઘ્યાનમાં લઈ નીચેની અદાલતમાં કાયદામાં કરેલ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરી શકાય છે. આરોપી સામેના આક્ષેપિત ગુન્હામાં પણ જો પુરતા અને વાજબી કારણો હોય તો નિયત સજા કરતાં ઓછી સજા કરી શકાય તેવી જોગવાઈ છે. ઉપરોકત ચુકાદાના પાના નં.૭૨૧ ઉપર પેરા નંબર ૨૧ માં જે કારણો જણાવેલા છે તે ઘ્યાને લેતાં, ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરૂપ થતો હોય તેમ જણાય છે. જેથી આરોપીની સ્થિતિ અને સંજોગોને ઘ્યાનમાં લઈ ઓછામાં ઓછી સજા અને દંડ કરવો જોઈએ તેમ હું નમ્રપણે માનું છુ અને ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છું.

<u>આ ખ રી હુ ક મ</u>

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ અન્વયે ધી પ્રોહી.એકટ કલમ ૮૫ (૧) મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૨૦૦/–(અંકે રૂપિયા બસો પુરા) ના દંડની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો ૫ દિનની સાદી કેસની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. મુદ્દામાલ દારૂનો અપીલ સમય વિત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદર હુકમ આજ રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

મુકામઃ– અમદાવાદ.
તા.૧૨/૧૧/૨૦૨૨.

(ડી.આર.જોષી)
એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨.અમદાવાદ.
કોડ નં. જીજે.૦૦૯૪૫.